તારાંકિત પ્રશ્ન ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2203

વિષય:

વલસાડ જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ

| સૂચના મળ્યાની તારીખ: 23/01/2024 | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ 14/02/2024 | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ 02/02/2024 |
|---|---|---|

*15/4/2203 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૨૭૮૩ (અગ્રતા-૧૦૨)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) વલસાડ- મોજે. નારગોલ ખાતે સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યા છે તે દબાણ બાબતે મામલતદાર દ્વારા દબાણકારોને નોટીસ પાઠવી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરેલ તે કાર્યવાહી તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી અને કેટલી જમીનમાંથી દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

----